**વડીલોને વંદન અભિનંદન**



કમલા પરસોત્તમ સુથાર
(૧૯૪૪) ૨૩૨૨૧૫૮૯


# છેલ્લા ૨૪ કલાકમાં રાજયના ૯૭ તાલુકાઓમાં વરસાદ

## સૌથી વધુ પારડીમાં પાંચ ઈંચ વરસાદ

ગાંધીનગર, તા.૮

રાજયના ૧૭ જિલ્લાના ૯૭ તાલુકાઓમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન હળવાથી ભારે વરસાદ નોંધાવા પામ્યો છે. સૌથી વધુ વરસાદ વલસાડ જિલ્લાના પારડી તાલુકામાં પાંચ ઈંચ જેટલો ભારે વરસાદ નોંધાવા પામ્યો છેય

રાજય પૂર નિયંત્રણ કક્ષ પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આજે સવારે સાત વાગ્યે પૂરા થતાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજયમાં ૯૭ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે. જયારે ૭૯ તાલુકાઓ હજુ પણ સાવ કોરા ધાકોડ રહેવા પામ્યા છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૦ થી ૫૦ મી.મી. જેટલો વરસાદ ૧૨૮ તાલુકાઓમાં નોંધાયો છે. જયારે ૧૭ તાલુકાઓ એવા છે જયાં ૫૧ થી ૧૨૫ મી.મી. જેટલો વરસાદ નોંધાયો છે.

ખાસ કરીને છેલ્લા ૨૪ કલાક દરમિયાન સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થવા પામી છે. રાજય પૂર નિયંત્રણ કક્ષ પાસેથી છેલ્લા ૨૪ કલાક દરમિયાન થયેલ વરસાદના પ્રાપ્ત આંકડા મુજબ વલસાડ જિલ્લાના પારડીમાં ૧૪૪ મી.મી. ધરમપુરમાં ૩૦ મી.મી., વલસાડમાં ૬૯ મી.મી., સુરત જિલ્લાના બારડોલીમાં ૬૦ મી.મી., ચોર્યાસીમાં ૬૪ મી.મી., કામરેજમાં ૫૫ મી.મી., પલસાણામાં ૮૫ મી.મી., સુરત શહેરમાં ૫૮ મી.મી. નવસારી જિલ્લાના ચીખલીમાં ૪૭ મી.મી., ગણદેવીમાં ૩૦ મી.મી., જલાલપોરમાં ૬૩ મી.મી., જેટલો ભારે વરસાદ નોંધાવા પામ્યો છે.

આ ઉપરાંત સૌરાષ્ટ્રના અમરેલી જિલ્લાના બાબરામાં ૪૭ મી.મી, અમરેલીમાં ૪૦ મી.મી., જાફરાબાદમાં ૩૨ મી.મી., ખાંભામાં ૩૯ મી.મી,, લાઠીમાં ૩૨ મી.મી., રાજુલામાં ૩૧ મી.મી., ભાવનગર જિલ્લાના પાલીતાણામાં ૬૫ મી.મી., વલ્લભીપુરમાં ૫૭ મી.મી., મહુવામાં ૪૬ મી.મી., જુનાગઢ જિલ્લાના વંથલીમાં ૮૫ મી.મી., કોડીનારમાં ૫૨ મી.મી., ભેસાણમાં ૩૭ મી.મી., માણાવદરમાં ૪૫ મી.મી., તલાલામાં ૩૦ મી.મી., રાજકોટ જિલ્લાના જામકંડોરણામાં ૭૦ મી.મી., જેતપુરમાં ૪૩ મી.મી., ગોંડલમાં ૨૮ મી.મી., ઉપલેટામાં ૨૨ મી.મી. જેટલો વરસાદ નોંધાવા પામ્યો છે.

પ્રીમોનસુન દરમિયાન જ રાજયના કેટલાક વિસ્તારોમાં મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી શરૂ કરતાં લોકોએ ગરમીથી રાહત અનુભવી હતી. રાજયના હવામાનમાં આવેલા પલટાને કારણે મેઘરાજાની છુટી છવાઈ પધરામણી થવા પામી છે.

# શનિ જ્યંતિના પ્રસંગે શનિ દેવની કૃપા મેળવવા ભીડ

**શનિ ભગવાનના મંદિરમાં શ્રદ્ધાળુઓ ઉમટ્યા : શહેરના દુધેશ્વર સ્થિત શનિ ભગવાનના સૌથી પ્રાચિન મંદિરમાં હવનનું આયોજન : ૨૩૦૦૦ આહૂતિ અપાઈ**



અમદાવાદ,તા. ૮

શનિ જ્યંતિના પ્રસંગે આજે શનિ ભગવાનની કૃપા મેળવા માટે શનિ ભગવાનના મંદિરોમાં શ્રદ્ધાળુઓની ભારે ભીડ જામી હતી. શનિ દેવના જાણીતા જન્મસ્થળ હાથલામાં શ્રદ્ધાળુઓની ભારે ભીડ ઉમટી હતી. જુદા જુદા મંદિરોમાં અભિષેક અને હવનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. અમદાવાદમાં પણ શનિ ભગવાનના મંદિરોમાં શ્રદ્ધાળુઓની ભીડ જોવા મળી હતી. દર્શન માટે શ્રદ્ધાળુઓની લાઈનો લાગી હતી. હવનમાં ભક્તોએ આહૂતિઓ પણ આપી હતી. આ પ્રસંગે લોકોએ દાન આપીને શનિ કૃપા મેળવવાના પ્રયાસો પણ કર્યા હતા. શનિજ્યંતિ પર ગુજરાતમાં પોરબંદર ખાતે આવેલા હાથલામાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો. સૌરાષ્ટ્રના જુદા જુદા ક્ષેત્રોમાંથી આવેલા શ્રદ્ધાળુઓએ શનિભગવાનના દર્શન કર્યા હતા અને અભિષેક કરવા માટે પણ પડાપડી થઈ હતી. આ પ્રસંગે મંદિર સંચાલકો દ્વારા વિશેષ વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી હતી.

શનિ મંદિરોમાં શનિ અભિષેક, નવગ્રહ શાંતિ પાઠ, શનિ કથા તથા શનિદેવની આહૂતિ હવનનું આયોજન થયુ હતુ. અમદાવાદ શહેરમાં શનિ ભગવાનના સૌથી જુના મંદિર દુધેશ્વરમાં શ્રદ્ધાળુઓ સવારથી જ ઉમટી પડ્યા હતા. ચાંદલોડિયા, શાહિબાગ ખાતેના શનિ મંદિરમાં પણ શ્રદ્ધાળુઓ જોવા મળ્યા હતા. કલાકો સુધી લોકો લાઈનમાં ઉભા રહ્યા હતા. દુધેશ્વર સ્થિત શનિ મંદિરમાં હવનનું આયોજન કરવામાં આવ્યુ હતુ જેમાં ૨૩૦૦૦ આહૂતિઓ ભક્તો દ્વારા આપવામાં આવી હતી. બીજી બાજુ ચાંદલોડિયામાં આવેલા મંદિરમાં હવનમાં ૨૩૦૦૦ આહૂતિ આપવામાં આવી હતી. વિવિધ મંદિરોમાં સવારે મહાઆરતીનું આયોજન કરાયુ હતુ. ત્યારાબાદ ધજા ચઢાવવાની વિધિ પણ કરવામાં આવી હતી. સાંજે મહાપ્રસાદી અને શનિ કથાનું આયોજન કરાયુ હતુ. શનિ ભગવાનને તમામ ગ્રહોમાં સૌથી શક્તિશાળી ગ્રહ માનવામાં આવે છે. શનિ ભગવાનને ન્યાયના ભગવાન તરીકે પણ ગણવામાં આવે છે.

## ખાનગી બસ ઓપરેટરો દ્વારા બસના ભાડામાં જંગી વધારો

અમદાવાદ, તા.૮

વેકેશનની સીઝનમાં બસ ભાડા પણ ગરમીના પારાની જેમ જ સતત વધી રહ્યા છે. ખાનગી બસ ઓપરેટરો બસ ભાડા લઈ રહ્યા છે આ વેકેશનની સીઝનમાં અમદાવાદ-મુંબઈ, અમદાવાદ-દિલ્હી રૂટ માટેના બસ ભાડામાં રેકોર્ડ વધારો થયો છે.

ઓનલાઈન બુકીંગ સાઈટો ઉપર પણ હાલમાં ભારે ઘસારો જોવા મળ્યો છે એવું જાણવા મળ્યું છે કે એરકંડિશન સ્લીપર બસમાં મુંબઈથી અમદાવાદ અને અમદાવાદથી મુંબઈ માટેની ટિકીટ ભાડામાં ઉલ્લેખનીય વધારો નોંધાયો છે. આશરે ૨૫૦૦ સુધીના ભાડા એરકંડિશનમાં લેવાઈ રહ્યા છે. આ રૂટ ઉપર ઓફ સીઝનમાં ટિકીટ ભાડા ૮૦૦-૯૦૦ રૂપિયાની આસપાસ રહે છે ઉનાળાના વેકેશન અને દિવાળી સિવાય ઓફ સીઝનમાં રેટ પ્રમાણમાં ઓછા રહે છે. બીજી બાજુ ટ્રેનની ટિકીટમાં કિંમતમાં આડેધડ વધારા થઈ શકે તેમ નથી. જેથી પ્રવાસીઓ પાસે વિકલ્પો ઓછા રહે છે. ટ્રેનમાં જંગી ધસારાના પરીણામ સ્વરૂપે રિઝર્વેશનની તકલીફ રહે છે આવી સ્થિતિમાં પરિવાર સાથે પીક સીઝનમાં બહાર જતાં લોકો માટે વધારે વિકલ્પો રહેતા નથી. ટુર ઓપરેટરોનું કહેવું છે કે ઓફ સીઝનમાં બસ રદ કરી શકવાની સ્થિતિ હોતી નથી માત્ર ૧૫-૧૦ પેસેન્જરો હોવાની સ્થિતિમાં પણ બસની યાત્રા યથાવત રીતે રાખવામાં આવે છે. મુંબઈ, દિલ્હી અને રાજસ્થાનની ટિકીટો માટે કોઈપણ નિશ્ચિત ભાડા હોતા નથી. યાત્રીઓના ધસારાના આધાર ઉપર ટિકીટના દર નક્કી કરવામાં આવે છે.

# વિરેશ્વર મંદિર ટ્રસ્ટ વિવાદમાં ટ્રસ્ટીઓ સામે પોલીસ ફરિયાદ

## વિજયનગરનાં જંગલમાં આવેલું પ્રાચીન મંદિર વિવાદમાં ફસાયું

મોડાસા, તા.૮

સાહરકાંઠા જિલ્લામાં અરવલ્લીના ગિરિમાળાઓ વચ્ચે ભર્યા કુદરતી સૌન્દર્યથી શોભતા મનભાવન માહોલમાં વિજયનગરના જંગલામો આવેલા લોકોની આસ્થાનું કેન્દ્ર ભગવાન ભોળાનાથનું સ્વયંભૂ વિરેશ્વર મહાદેવ મંદિર ટ્રસ્ટ વિવાદમાં સપડાયું છે. તેના પગલે શુક્રવારે માડી રાત્રે દસ વાગ્યાના સુમારે મંદિરના મહંત અને ટ્રસ્ટીઓ આમનેસામને ફરિયાદ નોધાવતા આ વિવાદ ગરમાયો છે. સામસામી બે ફરીયાદોમાં પાંચ આરોપી સામે ગુનો દાખલ કરી મોડાસા વિભાગીય પોલીસ વડા કે.બી.ઝાલાની રાહબરી હેઠળ પોલીસ વધુ તપાસ હાથ ધરી છે.

બે જુદી જુદી ફરીયાદોમાં પ્રથમ એક ફરીયાદમાં આ મંદિરના મહંત રામદાસ અનિરુધ્ધ દાસ, નિર્મોહી વિરુદ્ર ઈપીકો ક.૨૩૨,૫૦૬(૨), ઓટ્રોસિટી એક્ટ ૩(૧), ૧૦ મુજબ દર થઈ છે. જેમાં મંદિર ટ્રસ્ટના પ્રમુખ અને ધોલવાનીના રહીશ મક્સીભાઈ વેચાઈભાઈ પાંડેર નોધાવેલ આ ફરિયાદ મુજબ મંદિરના મહંતે મંદિરના ટ્રસ્ટ બાબતે કોર્ટમાં પોતાનું નામ દાખલ કરવા દાવો કરેલ છે જેની બાબત કોર્ટ આધીન બાબતે તે દરમિયાન મહંતે ફરિયાદ મક્સીભાઈ તથા બીજા માણસો મંદિરે જતા મહંતે કહેલ કે તમે મંદિરમાં કેમ આવો છો ?

તેમજ મહંતે જાતિ પ્રત્યે અપમાનિત કરતા શબ્દો ઉચાર્યા હાવાનું અને મહંતે આ લોકો ને ગડદા પાટુ માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોધાવાઈ છે. પોલીસે આ ફરિયાદ ગત મોડી રાતે દાખલ કર્યા પછી સામી મહંતે ફરિયાદ દાખલ કરાવી છે.

મહંત રામદાસ, અનિરુધ્ધદાસએ ટ્રસ્ટના પ્રમુખ અને મહંત રાસજીદાસજીને મા બેન સામી



ધોલવાણીના રહીશ મકસીભાઈ વેચાતભાઈ પાંડોર સહીત ચાર સામે ઈપીકો ક. ૨૩.૫૦૪,૫૦૬(૨), ૪૨૭, ૧૧૪ મુજબ નોધાવેલ ફરિયાદ મુજબ આરોપીએ મહંતને કહેલ સેશન્સ કોર્ટમાંથી અમારા ઉપર નોટીસ કેમ આપી છે? આરોપી એ મહંતને કહેલ કે આ નોટીસ પાછી ખેચીલો તેમ કહી આરોપીઓએ ગાળો બોલીસ મહંતની ગાદીના રૂમનો દરવાજો તોડી નુકસાન કરી, જાનથી મારી નાખવાની ધમકી આપી શખ્સોએ એકબીજાની મદદગારીથી આ ગુનો આચરતા વિજયનગર પોલીસ મથકે પોલીસ સમી બીજી આ ફરિયાદ પણ દાખલ કરતા જમાદાર એ.એસ.આઈ. જીવાભાઈએ વધુ તપાસ હાથ ધરી છે.

# શામળાજી ચેક પોસ્ટ પરથી ટ્રક ચાલક પાસેથી તોડ કરતો એક શખ્સ ઝડપાયો

મોડાસા, તા.૮

સાબરકાંઠા જિલ્લામાં આજે જિલ્લા એસીબીના અધીકારીઓએ ઓચિંતી ડીકોય ગોઠવાતા રાજસ્થાની એક ટ્રકના ચાલક પાસેથી ઓવરલોડ ટ્રક જવા દેવા માટે રૂપિયા ૫૦૦ની રકમ ટ્રક ડ્રાઈવર પાસેથી લેતા એસીબીના અધીકારીઓએ આરટીઓ ઈન્સપેક્ટરના નીચે કામ કરતા એક વ્યક્તિને રંગે હાથે ઝડપી લઈ તેની વિરુદ્ર ગુનો નોધવવા તજવીજ હાથ ધરી છે,

સાબરકાંઠાના એસીબી પીઆઈ એમ.જે. સોલંકી અને પીઆઈ શેખે આજે શામળાજીના આરટીઓ ચેક પોયાત પા ડીકોય ગોઠવી હતી તે દરમિયાન રાજસ્થાન થી આવતી ઓવરલોડ ટ્રકને રોકી તેના ચાલક પાસેથી આ ટ્રક જવા દેવા માટે એક ઈન્સપેક્ટરના એક વ્યક્તિને રૂપિયા ૫૦૦ ની રકમ લેતા રંગે હાથે ઝડપી લીધો હતો. એસીબી પીઆઈ એમ.જે.સોલંકીએ જણાવ્યાનુસાર ભારત સોલંકી નામનો આ વ્યક્તિને આ રકમ લેતા ઝડપી લેવામાં આવ્યો હતો અને આ અંગે પોલીસ ફરિયાદની તજવીજ ચાલુ હોવાનું તેમણે જણાવ્યું હતું પરંતુ આ માણસ ક્યા ઈન્સપેક્ટર પાસે કામ કરતો હતો તે અંગે ફોડ પાડવાનું કે નામ આપવાનું ટાળ્યું હતું.

# ભાજપના હાથમાં સત્તા આવશે તો ભારતમાં ગૃહયુધ્ધ શરૂ થશે

**અર્જુન મોઢવાડિયાના ભાજપ સામે પ્રહારો : ગોવાની ભાજપની રાષ્ટ્રીય કારોબારીમાં દેશના પ્રશ્નોની ચિંતા કરવાને બદલે આંતરિક લડાઈનું વરવુ પ્રદર્શન થયુ**

અમદાવાદ, તા.૮

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતું કે તાજેતરમાં ગોવા ખાતે ચાલી રહેલ ભાજપની રાષ્ટ્રીય કારોબારીમાં ભજવાઈ રહેલ નાટકમાં ભાજપ સમગ્ર દેશના રાજ્યો અને દેશના પ્રશ્નો અંગે ચિંતા કરવાને બદલે સત્તાની આંતરિક લડાઈમાં કાલ્પનિક ખુરશીની ભાગબટાઈ કરવા માટે રાજકીય અને માનવીય અસંસ્કારીતાનું વરવું પ્રદર્શન દેશ સમક્ષ કરી રહ્યા છે. ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી જે સત્તા ક્યારેય હાથમાં આવવાની નથી એવી કાલ્પનિક સત્તાની ખુરશી માટે જેની આંગળીના સહારે આગળ આવ્યા છે તેમની જ છાતી પર પગ મુકીને ખુરશી મેળવવા માટેના ખેલ ખેલી રહ્યા છે. અત્યારે ભાજપમાં જે ન્યુમોનિયા જેવો મનોનિયા નામનો ખરનાક જીવલેણ સત્તાનો વાયરસ ભાજપમાં અને સમગ્ર ગોવામાં ફેલાયો છે જેનાથી બચવા ભાજપની સમગ્ર શીર્ષસ્થ નેતાગીરી ભયંકર બીમારીમાં સપડાઈ હોય તેવું લાગી રહ્યું છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે મધ્યકાલિન યુગમાં જેવી રીતે રાજગાદી મેળવવા દિકરો બાપને મારી નાંખતો, ભાઈ ભાઈને મારી નાંખતા તેવી રીતે ભાજપમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી પોતાના જ ગુરૂ અડવાણીના છાતી પર પગ મુકી દિલ્હીની ગાદી પર સર કરવા નીકળ્યા છે. આમ તો, તેમનો ભૂતકાળ પણ વર્તમાનની ચાડી ખાય છે. જેવી રીતે ભાજપને લોકસભાની એક બેઠકમાંથી દિલ્હીની સત્તાની ગાદી પર બેસાડવામાં જેમનો સિંહ ફાળો છે તેવા કેશુભાઈ પટેલ, સુરેશ મહેતા, કાશીરામ રાણા, ડો. એ.કે. પટેલ, હરેન પંડ્યા અને સંજય જોષી અને વરિષ્ઠ આગેવાનો સાથે જે વ્યવહાર થયેલો છે તેમાં અડવાણી સાથે આવું જ થશે. તે નિર્વિવાદ બાબત છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ સત્તાલાલયુ લોકો પોતાની પાર્ટી ચલાવી શકતા નથી તો દેશ શું ખાખ ચલાવશે ? તેઓએ દુઃખ સાથે જણાવ્યું છે કે ભુલેચૂકે પણ આવા લોકોના હાથમાં સત્તા આવી જાય તો દેશમાં ગૃહયુધ્ધ ફાટી નીકળશે તેવી ચિંતા વ્યક્ત કરી હતી.

### ચોરીનો માલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એ.એમ.ઈ. નામના ૩ ઈક્વીપમેન્ટ, જે ૮૦ હજારનું એક મળે છે તથા રૂ. ૨.૪૦ લાખની કિંમતનું એક એ.એમ.સી. નામનું ઈક્વીપમેન્ટ ગોડાઉનમાંથી મળી આવ્યું હતું. ચોરીના રૂ. ૨૫.૯૦ લાખની કિંમતના બીએસએનએલના ઈક્વીપમેન્ટ ક્યાંથી ભંગારના ગોડાઉનમાં આવ્યા તેની પુછપરછ કરતાં ભંગારીયા શખ્સ ઉદય શોખર ગુર્જરે પોલીસને નિવેદન આપ્યું છે કે આ માલ સામાન મુકવા માટે મારૂતીવાન લઈને એક માણસ આવ્યો હતો. જે બે ફેરા મારીને સામાન મુકી ગયો હતો. ભંગારનો વેપાર કરતા શખ્સ ઉદયની અટકાયત કરીને સે. ૭ પોલીસે મુળ ચોરો સુધી પહોંચવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. અને રૂ. ૨૫.૯૦ લાખનો ચોરીનો માલ કબ્જે લીધો છે.

### ભાવ વધારો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નાગરિકોનું બજેટ ખોરવાઈ જાય તેવી સ્થિતિ છે. હાઈટેક શિક્ષણના યુગમાં ભાર વિનાના ભણતરનો અભિગમ કેળવવાની વાતો બે મોઢે થાય છે. પરંતુ અભ્યાસને આનુસંગિક સ્ટેશનરીની ચિજવસ્તુઓના ભાવ આસમાને પહોંચતા વાલીઓએ મોંઘવારીના ભાર હેઠળ પીલાવાનો વારો આવ્યો છે. વિદ્યાર્થીઓમાં સ્કૂલ બેગ, વૉટરબેગ અને કંપાસ ટ્રેન્ડ મુજબ વાલીઓ પાસે ડીમાન્ડ કરવામાં આવી રહી છે. શૈક્ષણિક સત્રના પ્રારંભ પૂર્વે શહેરના સ્ટેશનરી બજારમાં ખરીદી માટે ભીડ જોવા મળે છે. પરંતુ અભ્યાસ માટેના નોટ ચોપડા અને સ્કૂલબેગ સહિતની જરૂરી ચીજવસ્તુઓના ભાવ વધારાથી વાલીઓ ચિંતિત છે. બજારમાં રૂ. ૧૦ થી ૨૫ સુધી નોટબુકનું વેચાણ થાય છે. જ્યારે ચોપડાના એક નંગનો ભાવ ૨૦ થી ૪૦ રૂપિયા સુધીનો છે. સ્કૂલ બેગમાં પણ એનગ્રીબર્ડ અને છોટા ભીમના સિમ્બોલવાળી બેગ્સ ખરીદવા બાળકો પડાપડી કરે છે. જ્યારે આ બેગની કિંમતમાં પણ ૧૫ ટકાનો ભાવ વધારો થયો છે. બજારમાં રૂ. ૨૫૦ થી લઈ ૧૦૦૦ સુધીની સ્કૂલબેગ ઉપલબ્ધ છે. જ્યારે રૂ. ૩૦૦ થી ૪૦૦ની રેન્જમાં વેચાણ થતી બેગની ડિમાન્ડ વધુ છે. સ્કૂલબેગની સાથે પ્લાસ્ટીકના લંચબોક્સની કિંમત પણ રૂ. ૪૦ થી ૧૦૦ સુધીની છે. મેટલ ચાઈનાના કંપાસ અને પાઉચની કિંમત રૂ. ૪૦ થી લઈ ૫૫૦ સુધીની વસુલવામાં આવે છે. કંપાસમાં પણ પેન્શીલ, શાર્પનર ધરાવતા ટેબલ લેમ્પ કંપાસનો ક્રેઝ જોવા મળે છે. વોટર બેગ અને બોટલમાં પણ વિવિધ પ્રકારની વેરાઈટી જોવા મળી રહી છે. નાની મોટી સાઈઝમાં સ્ટીલ અને વેક્યુમ બોટલનું વેચાણ થાય છે. જ્યારે વોટર બોટલ માટે રૂ. ૩૦૦ થી ૧૨૦૦ ચૂકવવા પડે છે. સ્કૂલ સ્ટેશનરીનું વેચાણ કરતા વેપારી યોગેશ કોઠારીએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે શાળાઓ ખુલવાને હવે એક દિવસ જ આડો છે ત્યારે સ્ટેશનરીની ચીજવસ્તુઓ ખરીદવા માટે વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉત્સુક બન્યા છે. જો કે ચીજવસ્તુઓ પાછળ ભાવ વધારો થયો છે પરંતુ મોંઘવારીની અસર વર્તાતી નથી.

### સુપ્રીમનો ઈન્કાર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કર્યો છે. જસ્ટિસ જ્ઞાન સુધા મિશ્રા અને મદન બી. લાકુરની બંનેની બેંચે કહ્યું હતું કે એફઆઈઆર રદ કરવાની બાબત બિલકુલ યોગ્ય રહેશે નહી અમે એફઆઈઆર રદ કરીશું નહી સમગ્ર મામલાનો એફઆઈઆર રદ કરવાને બાબત યોગ્ય નથી એક જજે કહ્યું હતું કે ધરપકડ નહી કરવા માટે મહત્તમ છ સપ્તાહનો ગાળો વિચારણા હેઠળ લઈ શકાય છે જ્યારે અન્ય જજે ચોક્કસ નારાજગી વ્યક્ત કરી હતી. એક અગ્રણી અંગ્રેજી અખબારમાં જણાવ્યું છે કે ચારથી છ સપ્તાહનો ગાળો વિચારણા હેઠળ લેવાની બાબત પણ વાંધાજનક છે. જસ્ટિસ મિશ્રાએ કહ્યું હતું કે સમગ્ર મામલાની સુનાવણી ૧૧મી જૂને હાથ ધરવામાં આવશે. પાંડે હાલમાં ધરપકડનો સામનો કરી રહ્યા છે સુપ્રીમ કોર્ટે પાંડે સામે એફઆઈઆર રદ કરવાને ઈન્કાર કરતા તેમની સામે ધરપકડનો ખતરો વધી રહ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ૧૫મી જૂન ૨૦૦૪ના દિવસે જ્યારે ઈશરત જહાં અને અન્યોને અમદાવાદના પરા વિસ્તારમાં ગુજરાત પોલીસ દ્વારા ઠાર મારી દેવામાં આવ્યા ત્યારે પાંડે જેસીપી તરીકે ફરજ બજાવતા હતા. આ અધિકારી સામે ખાસ સીબીઆઈ કોર્ટે ૨જી મેના દિવસે ધરપકડ વોરંટ જારી કર્યું હતું.

### અરજી ફગાવાઈ

● અનુસંધાન પહેલાનું ચાલુ

અરજદારોએ મહેન્દ્રસિંહ રાણા તેમજ અન્ય બે સભ્યો ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પાર્ટી છોડી ભારતીય જનતા પાર્ટીમાં જોડાઈ ગયેલ હોય તેવા કોઈ આધાર પુરાવા રજુ કરેલ ન હોય, જ્યારે મેયર તેમજ અન્ય બે સભ્યોએ તેઓ કોંગ્રેસ પક્ષના સભ્ય છે તે અંગે ગાંધીનગર મહાનગરપાલિકામાં તા. ૩૦-૪-૨૦૧૧ના રોજ નમુના-૩ જુઓ નિયમ-૪ મુજબનું ફોર્મ ભરી ઈકરાર કરેલ છે તે જોતાં તેઓ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ સાથે જોડાયેલ હોવાનું તારણ કાઢેલ છે. તા. ૧૯-૨-૨૦૧૩ની ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની સામાન્ય સભા માટે આદેશ-૧ તથા ૨ તા. ૧૭-૨-૨૦૧૩ના રોજ આપેલ છે તે આદેશ વંચાણે લેતા તેમાં મહાનગરપાલિકાના પક્ષના નેતા શ્રી ચીમનભાઈ વીંઝુડાના આદેશ મુજબ સ્ટેન્ડિંગ કમિટિમાં મંજુર થયેલ બજેટને મંજુરી આપવાની છે અને કમિશનરશ્રીના બજેટના વિરૂદ્ધમાં મતદાન કરવાનું છે તેવો આદેશ આપેલ છે તે અંગે મેયર દ્વારા ઉપસ્થિત કરેલ મહત્વની તકરાર ધ્યાને લેતા ચીમનભાઈ વીંઝુડાને પક્ષનો આદેશ આપવા માટે અધિકૃત કરેલ હોય તેવો કોઈ ઓથોરીટી લેટર, પક્ષનો ઠરાવ કે અધિકાર પત્ર રજુ કરેલ ન હોય તેઓને કોંગ્રેસ પક્ષ દ્વારા ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના પક્ષના સભ્યોને વ્હીપ/મેન્ડેટ આપવા અધિકૃત કરેલ છે તેવી કોઈ વિગતો જાહેર થતી ન હોવાનું તારણ કાઢેલ છે. ગાંધીનગર મ્યુનિસિપલ કમિશનર દ્વારા મેયરશ્રીને તા. ૨૮-૫-૨૦૧૩ના રોજ માહિતી આપેલ છે તેની વિગતો ધ્યાને લેતા ગાંધીનગર મહાનગરપાલિકામાં કોંગ્રેસ પક્ષને મેન્ડેટ આપવાની સત્તા અંગે કોઈ અધિકાર સોંપેલ હોય તેવો લેખીત પરિપત્ર તેમજ કોંગ્રેસ પક્ષ તરફથી પક્ષના નેતા તરીકેની વરણી બાબતની સત્તાવાર જાણ પણ બારનીશીમાં કરવામાં આવેલ નથી તેવી માહિતી આપેલ છે તે ધ્યાને લઈ અરજદારો તેઓને આદેશ આપવાના અધિકાર છે તે પુરવાર કરી શકેલ ન હોય તેઓની અપીલ અરજી કાઢી નાખવાનો હુકમ કરેલ છે. મેયર મહેન્દ્રસિંહ રાણા તેમજ સુભાષભાઈ લક્ષ્મણભાઈ પાંડવ અને હંસાબેન કાન્તીલાલ મોદી તરફે બચાવ પક્ષમાં એડવોકેટશ્રી કમલનયન એચ. બ્રહ્મભટ્ટે હાજર રહી રજુઆત કરેલ હતી.

## શબ્દાવલી - ૫૦૮૪

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ■ | ૩ | | ૪ | |
| ૫ | | ■ | ૬ | | ■ | | ■ |
| ૭ | | ૮ | | ■ | ૯ | | |
| ■ | ૧૦ | | | ■ | ૧૧ | | |
| ૧૨ | ■ | | ■ | ૧૩ | | | |
| ૧૪ | | | ■ | ■ | ૧૫ | | ■ |
| | ■ | ૧૬ | ૧૭ | ૧૮ | ■ | ■ | ૧૯ |
| ૨૦ | | ■ | ૨૧ | | ■ | ૨૨ | |

### આડી ચાવી

૧. સોગન (૩)
૩. બંડ, બળવો (૪)
૫. ... દૂત, જમ (૨)
૬. ભ્રમર, ભમરો (૨)
૭. મનુષ્યમાં અધમ (૪)
૯. 'ચયન' શબ્દ આડોઅવળો (૩)
૧૦. એક કાપડની જાત (૩)
૧૧. રોમન કેથલિક સંપ્રદાયનો વડો ધર્માધિકારી (૨)
૧૩. આશ્ચર્ય, નવાઈ (૪)
૧૪. માખણ (૩)
૧૫. રદ્દી પેપર (૨)
૧૬. ... કરવો, નામ પાછળ ભાઈ કે બહેન ના બોલવું તે (૩)
૨૦. દેવું, કરજ (૨)
૨૧. નકામુ, બિનજરૂરી (૨)
૨૨. અગ્નિ (૨)

### ઊભી ચાવી

૧. નિંદ્રા, ઊંઘ (૩)
૨. મહેંક, સુગંધ (૪)
૩. ... નો બકરો ના બનવું (૨)
૪. દેશપ્રેમ, દેશ પર ન્યોચ્છાવર થવાની ભાવના (૬)
૬. મરે નહિ તેવું (૩)
૮. ખુબ વેગથી, પાણીનું વહેવું (૫)
૯. ફટોફટ (૪)
૧૨. આગવું, અગાઉથી (૪)
૧૭. ગાડી, ફોર વ્હીલ (૨)
૧૯. ડાઘો (૨)

### શબ્દાવલી ૫૦૮૩ના જવાબ

**આડી ચાવી :-** (૧) ઉપાચત (૬) દાલ (૬) દાલ (૭) પરોપકાર (૧૦) સીકર (૧૨) શરાદ (૧૩) વન (૧૫) કરમદા (૧૭) ગપ (૧૮) રન (૧૯) કશી (૨૦) જોક (૨૧) ઉલકા (૨૨) મલકાટ (૨૩) રહમ

**ઊભી ચાવી :-** (૧) ઉદાલીન (૨) ચાલક (૩) તપ (૪) ટોપરા (૫) પાર (૮) રોશનદાન (૯) કાદવ (૧૧) રબ્બર (૧૪) નકશીકામ (૧૫) કપ (૧૬) મરકટ (૧૭) ગરમ (૧૯) કલહ (૨૦) જોકા (૨૧) ઉર


**Change of Name**

My old name **Vasanti Daulat Mandavakar** and New name **Kalpana Kiritbhai Kamble**

Address : "Sai Parsad", Plot No. 444/2, Sector-4/B, Gandhinagar

**M. : 9574737257**